ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓ માટે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અંતર્ગત "કુટુંબ" ની વ્યાખ્યામાં સુધારો કરવા બાબત

**ગુજરાત સરકાર**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

ઠરાવ ક્ર: HFWD/PM/e-file/7/2025/0150/A1

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪.૦૮.૨૦૧૫ નો ઠરાવ ક્ર: એમએજી/૧૦૨૦૦૩/ ૨૭૧૨ /અ(પા.ફા)

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૨.૦૨.૨૦૧૯ નો ઠરાવ ક્ર:પરચ/૧૦૨૦૧૬/૪૯૦૬૦૮ /અ.૧

(૩) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨

**સુધારા ઠરાવ:-**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ:૧ પરના તા.૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ અમલમાં આવેલ છે. આ નિયમો અન્વયે તબીબી સારવારનો ખર્ચ (મેડીકલ રીએમ્બર્સમેન્ટ) મંજૂર કરવા અંગેના કેસોમાં સદર નિયમોના નિયમ-(૨.૨) માં આપેલ "કુટુંબ" ની વ્યાખ્યા અન્વયે અર્થઘટનના પ્રશ્નો ઉપસ્થિત થતા તેના નિવારણ માટે પુખ્ત વિચારણાના અંતે ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-(૨.૨) માં આપવામાં આવેલ "કુટુંબ" ની વ્યાખ્યામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(૧) **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪/૦૮/૨૦૧૫ ના ઠરાવથી લાગુ કરેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-૨.૨ માં આપવામાં આવેલ "કુટુંબ" ની વ્યાખ્યાને બદલે તેના સ્થાને ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ ના નિયમ-૯(૨૬) માં આપવામાં આવેલ નીચે મુજબની "કુટુંબ" ની વ્યાખ્યા લાગુ પાડવાની રહેશે.**

"કુટુંબ" એટલે યથાપ્રસંગ, સરકારી કર્મચારીની સાથે રહેતા પત્ની અગર પતિ તેમજ તેની સાથે રહેતા અને સર્વથા તેના ઉપર આધારિત ઔરસ કે સાવકા બાળકો. આ ઉપરાંત તેના માતા પિતા, બહેનો, સગીર ભાઈઓ કે જેઓ સાથે રહેતા હોય અને તેના ઉપર સર્વથા આધારિત હોય તેઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

નોંધ-૧: "કુટુંબ" શબ્દમાં આ નિયમોના હેતુ માટે, એક કરતાં વધુ પત્નીનો સમાવેશ થતો નથી.

નોંધ-૨: સરકારી કર્મચારીના અંગત કાયદા હેઠળ જો દત્તક વિધિ ગ્રહણ કાયદેસર ગણાતી હોય અને તેથી દત્તક લીધેલ બાળકને ઔરસ બાળકનો દરજ્જો પ્રાપ્ત થતો હોય, તો તેણે દત્તક લીધેલ બાળકને કાયદેસર ઔરસ બાળક ગણવામાં આવશે.

નોંધ-૩: ઔરસ કે ઓરમાન બાળક, માતા-પિતા, બહેન, સગીર ભાઈ જેઓ સરકારી કર્મચારી સાથે રહેતા હોય અને જેમની બધા સ્ત્રોતોથી થતી પેન્શન સહિતની (પેન્શન ઉપર મળવાપાત્ર થતા હંગામી વધારા સહિતની) માસિક આવક રૂ.૫૦૦/- થી વધુ થતી ન હોય તેવા સભ્યો સરકારી કર્મચારી ઉપર "પૂર્ણત: આશ્રિત" ગણાશે.

(૨) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા આ નિયમોના અનુસંધાને પ્રસિધ્ધ કરમાં આવેલ ઠરાવો, પરિપત્રોની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઈલ પર નાણા વિભાગની તથા સરકારશ્રીની તા.૦૫.૧૨.૨૦૨૫ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બ્રિજેશ મોદી)

ઉપ સચિવ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ અને ૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો
- નાણા સલાહકારશ્રી (આરોગ્ય), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશનરશ્રી(ગ્રામ્ય), આરોગ્ય અને મિશન ડિરેક્ટરશ્રી, NHM, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મદદનીશ નિયામકશ્રી (મા-યોજના અને PMJAY), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી આયુક્તશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી.
- સર્વે કલેક્ટરશ્રીઓ
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિયામકશ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- સચિવાલયના વહીવટી વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ
- સિલેક્ટ ફાઈલ-૨૦૨૫

*Signature Not Verified*

*Signed by:Brijeshkumar D Modi*
*Under Secretary*
*Date:2026.03.11*
*17:19:50 +5:30*



Open the document in Adobe Acrobat DC to verify the E-sign